નં.જીઆઈડીસી/એટીપી/૨૨(G)
તારીખ:-23-૩-૨૦૧૬

## // પરિપત્ર //

**વિષય:- અનધિકૃત વાયોલેટીવ બાંધકામ નિયમિત કરવા બાબત.**

**સંદર્ભ:- નિગમની ૪૮૫ મી બોર્ડ બેઠક-કાર્યસૂચિ ક્રમાંક:૦૭/એટીપી/૨૦૧૫, ઠરાવ નં.૬૮/એટીપી/૪૮૦/૨૦૧૫**

મહાનગરપાલીકા/ શહેરી વિકાસ સત્તા મંડળ/ વિસ્તાર વિકાસ સત્તા મંડળ/ નગરપાલીકા ની હદ મર્યાદા બહાર આવેલ જી.આઈ.ડી.સી. ની વસાહતો કે જેમાં નકશા મંજુર કરવાની સત્તા જી.આઈ.ડી.સી. હસ્તક છે તેમાં નીચેના કોસ્ટકમાં દર્શાવ્યા પ્રમાણેના દર લઈને અનધિકૃત વાયોલેટીવ બાંધકામને નિયમિત કરી આપવાનું રહેશે.

**કુલ બાંધકામ, માર્જીન, મકાનની ઉંચાઈ, કોમન પ્લોટ અને સ્વચ્છતાલક્ષી સુવિધા માટે થયેલ અનધિકૃત વાયોલેટીવ બાંધકામને નિયમિત કરવા માટે દંડકીય દરનું માળખુ**

| અ.નં. | કુલ અનધિકૃત વાયોલેટીવ બાંધકામ વિસ્તાર | દંડની રકમ (પ્રતિ ચો.મી.) |
|---|---|---|
| ૧ | ૫૦ ચો.મી. સુધી | રૂ.૪૦૦૦/- |
| ૨ | ૫૦ ચો.મી.થી વધુ અને ૧૦૦ ચો.મી.સુધી | રૂ.૮૦૦૦/- |
| ૩ | ૧૦૦ ચો.મી.થી વધુ અને ૨૦૦ ચો.મી.સુધી | રૂ.૧૬૦૦૦/- |
| ૪ | ૨૦૦ ચો.મી.થી વધુ અને ૩૦૦ ચો.મી.સુધી | રૂ.૨૪૦૦૦/- |
| ૫ | ૩૦૦ ચો.મી.થી વધુ | રૂ.૨૪૦૦૦+ (૩૦૦ ચો.મી.થી વધુ ક્ષેત્રફળ માટે રૂ.૨૦૦ દર ચો.મી.) |

**નોંધ:-**

(૧) કોલમ નં.૨ માં દર્શાવેલ કુલ અનધિકૃત વાયોલેટીવ બાંધકામ વિસ્તાર = ભોયતળિયાનો આવો વિસ્તાર+ અન્ય કોઈ પણ ફ્લોર ઉપર કરવામાં આવેલ આવું બાંધકામ.

(૨) કોમન પ્લોટમાં થયેલ કોલમ નં.૨ મુજબનું અનધિકૃત વોયોલેટીવ બાંધકામને હિત તથા રસ ધરાવતા માલીકો તથા રહેવાસીઓની સંમતીથી જ નિયમિત કરી શકાશે.

(૩) સ્વચ્છતાલક્ષી સુવિધાની ઘટને રૂ.૫૦૦૦/-ની વધારાની રકમ લઈ નિયમિત કરી શકાશે.

(૪) આ વિનિયમ હેઠળ વપરાશનો પ્રકાર બદલી શકાશે નહી તથા તેને નિયમિત કરી શકાશે નહી.

## પાર્કીંગ અને એફ.એસ.આઈ. ના ઉલ્લંઘન માટેની દંડકીય રકમ દર્શાવતું કોસ્ટક

| અ.નં. | વિવરણ | દંડની રકમ |
|---|---|---|
| ૧ | જરુરી પાર્કીંગ વિસ્તારમાં થતી ઘટ | પ્રવર્તમાન વિતરણદરના ૨૫ ટકા |
| ૨ | ૧.૬૦ એફ.એસ.આઈ.થી મહત્તમ ૨.૪૦ એફ.એસ.આઈ. સુધી વપરાશમાં લીધેલ વધારાની એફ.એસ.આઈ. | પ્રવર્તમાન વિતરણ દરના ૪૦ ટકા |
| નોંધ:– અરજદાર ધ્વારા બાંધકામની દ્દઢતા/મજબૂતાઈના પ્રમાણ તથા અગ્નીશામક વ્યવસ્થા પુરી પાડવાની રહેશે. | | |

**આ વિનિયમો નીચેની શરતોને આધિન રહેશે :–**

(૧) GPCB/MoEF/ સક્ષમ સત્તાના ધોરણો અનુસાર જોખમકારક (Hazardous) તથા obnoxious પ્રકારના ઉદ્યોગોને આ વિનિયમ લાગુ પડશે નહીં.

(૨) પ્લોટની હદ રેખા બહાર કરવામાં આવેલ અનધિકૃત બાંધકામ/ પ્રોજેકશનને આ વિનિયમ હેઠળ નિયમિત કરી શકાશે નહીં.

(૩) માર્ગ અને મકાન વિભાગ, ભારતીય વીજળી અધિનિયમ તથા અન્ય લગત સંસ્થાઓના પ્રવર્તમાન વિનિયમોનું પાલન થવાની શરતે આ વિનિયમ લાગુ કરી શકાશે.

(૪) જે અનધિકૃત વાયોલેટીવ બાંધકામ નિયમિત કરાવવાનું હોય તેનું "To the Scale Map with Area calculation" અરજદારે રજુ કરવાનું રહેશે.

(૫) જે તે મકાનની/ આજુબાજુના વિસ્તારની સુરક્ષા જોખમાય તેવા સંજોગોમાં સત્તાધિશ અધિકારી આવું અનધિકૃત વાયોલેટીવ બાંધકામ નિયમિત કરવાની અરજીને નામંજુર કરી શકશે.

(૬) આ વિનિયમ હેઠળ મળેલ તમામ અરજીઓમાં DEE ધ્વારા site ઉપર ચકાસણી તથા માપણી કરી, સાઈટ વીઝીટની તારીખ સાથે પ્રમાણિત કરી, નકશા મંજુર કરતા સત્તાધિશને આવી અરજી મોકલવાની રહેશે જેમાં ભરવાપાત્ર થતી દંડકીય રકમની ગણતરી કરી, અરજી મેળવવાની છેલ્લી તારીખથી ૨ માસ સુધીમાં આવી અરજી (તા.૩૦–૬–૨૦૧૬ સુધીમાં) નિયમિત કરવાની રહેશે.

(એ) આ વિનિયમ કાયમી નથી અને પરિપત્રની તારીખ સુધીમાં થયેલ બાંધકામને આ વિનિયમ લાગુ પડશે. ફાળવણીદારે અનધિકૃત વાયોલેટીવ બાંધકામને નિયમિત કરવાની અરજી "To the Scale Map with Area calculation" સાથે તા.૩૦–૪–૨૦૧૬ સુધીમાં કરવાની રહેશે.

(બી) આ પરિપત્ર/વિનિયમ હેઠળ જે અનધિકૃત વાયોલેટીવ બાંધકામને નિયમિત કરી શકાશે નહીં તેને ફાળવણીદારે દુર કરવા બાબતેનું રૂા.૧૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર જરુરી બાંહેધરીખત આપવાનું રહેશે.

(સી) આ પરિપત્ર હેઠળ અનધિકૃત વાયોલેટીવ બાંધકામને નિયમિત કરવા બાબતે થતા વિવાદના નિકાલ અર્થે ઉપા. અને વ.સં.શ્રી, સીની.એ.ટી.પી., અ.ઈ.(વ.મ) ની આંતરિક કમિટીનું ગઠન કરવામાં આવેલ છે.

(ડી) આ પરિપત્ર હેઠળ અનધિકૃત વાયોલેટીવ બાંધકામને નિયમિત કરવા અર્થે નિગમને મળતી દંડકીય રકમ એક અલગ એકાઉન્ટ હેડમાં જમા લેવાની રહેશે તથા નિગમની વસાહતોમાં આંતરમાળખાકીય સુવિધાઓના અપગ્રેડેશન અર્થે તે રકમનો વપરાશ કરવાનો રહેશે.

(ઈ) આ વિનિયમ હેઠળ આવેલ અરજીઓને નિયમિત કરવા બાબતની વિગતો જે તે કાર્યપાલક ઈજનેરશ્રીએ ઉપા. અને વ.સં.શ્રીને પ્રત્યેક માસની ૫ મી તારીખ સુધીમાં રજુ કરવાની રહેશે.

-સહી-

( મનોજ અગ્રવાલ )
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક
જી.આઈ.ડી.સી. ગાંધીનગર

રવાના કર્યુ :–

કાર્યપાલક નિયામક (ઈએન્ડએ),
જી.આઈ.ડી.સી. ગાંધીનગર

**નકલ રવાના:–**

–તમામ ખાતાના વડાશ્રીઓ તરફ................જાણ સારુ
–તમામ વિભાગીય પ્રબંધકશ્રીઓ તરફ...........જાણ સારુ
–તમામ અધિક્ષક ઈજનેરશ્રીઓ તરફ............જાણ સારુ
–તમામ ક્ષેત્રીય પ્રબંધકશ્રીઓ તરફ..............જાણ સારુ
–તમામ કાર્યપાલક ઈજનેરશ્રીઓ તરફ..........જાણ સારુ
–તમામ નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીઓ તરફ.........જાણ સારુ
–ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન તરફ........જાણ સારુ
–તમામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન તરફ..................જાણ સારુ